# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

## એ-૩, જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઈન્સ, સુરત

**Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email:suratdeo@gmail.com**

જા.નં. 17335

તા.24/12/2024

પ્રતિ,

આચાર્યશ્રી,

પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,

તમામ બોર્ડ, સુરત જિલ્લો

વિષય: માનનીય વડાપ્રધાનશ્રીના "પરીક્ષા પે ચર્ચા-2025" કાર્યક્રમમાં રજિસ્ટ્રેશન બાબત

સંદર્ભ: 1. સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/2024 / 3954, તા:19-12-2024

2. સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/2024 / 3993-95, તા:19-12-2024

3. નાયબ શિક્ષણ નિયામક, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગરના પત્ર ક્રમાંક: પ્રાશિનિ/છ-2/સંકલન/2024/5465-552., તા.21/12/2024

4. સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/2024 / 4099-4186, તા:23-12-2024

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, માનનીય વડાપ્રધાનશ્રીના "પરીક્ષાપેચર્ચા-2025" 8મી આવૃત્તિ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ માટે જાન્યુઆરી-2025માં ન્યુ દિલ્હી ખાતે યોજાનાર છે. ઉક્ત કાર્યક્રમમાં ધો. 6 થી 12 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ માટે તા:14-12-2024 થી 14-01-2025 દરમિયાન http://innovateindia1.mygov.in/ પર ઓનલાઈન MCQ સ્પર્ધા આયોજિત કરેલ છે. સ્પર્ધામાં સહભાગીઓ તેમના પ્રશ્નો પૂછી શકે છે, જે ઈન્ટરેક્ટીવ કાર્યક્રમમાં સમાવેશ થઈ શકે છે. તેમાં સહભાગીઓને નિયામક, NCERT દ્વારા સહી કરેલ પ્રમાણપત્ર આપવામાં આવશે એમ જણાવેલ છે.

આ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓને તેમના પ્રશ્નો માનનીય વડાપ્રધાનશ્રીને સંબોધવા માટે આમંત્રિત કરેલ છે. NCERT દ્વારા શોર્ટ લિસ્ટ કરેલ પસંદગીના પ્રશ્નો કાર્યક્રમમાં સામેલ થઈ શકે છે. જે સહભાગીઓએ "પરીક્ષા પે ચર્ચા"ની અગાઉની આવૃત્તિમાં પ્રશ્નો પૂછ્યા હતા, તેઓને મીડિયા ચેનલો દ્વારા તેમના કાર્યક્રમોમાં હાજર રહેવા આમંત્રણ આપવામાં આવેલ છે. તે મુજબ આ વર્ષે પસંદ કરાયેલ કેટલાક લોકોને મીડિયા સાથે વાર્તાલાપ કરવાની તક મળી શકે તેમ જણાવેલ છે.

આ કાર્યક્રમના સંદર્ભમાં નીચે પ્રમાણે આયોજન કરવા જણાવવામાં આવે છે.

અ) શાળાઓ દ્વારા તમામવાલીઓ અને વિદ્યાર્થીઓને આ અંગે જરૂરી જાણકારી આપવી.

બ) આપની શાળાના સોશિયલ મીડિયા હેન્ડલ્સ અને #PPC2025 ટેગનો ઉપયોગ કરવો. આ ઉપરાંત વિદ્યાર્થીઓ તથા શાળા પોતાના પોસ્ટર, ક્રિએટીવ વિડીયો વગેરે બનાવીને તે પોસ્ટ કરી શકે છે. આમાંથી પસંદ કરેલા ક્રિએટીવ વિડિયોઝ MyGov પ્લેટફોર્મ પર પણ પ્રદર્શિત કરવામાં આવશે.

ક) ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ તેમજ તમામ બોર્ડ સાથે સંલગ્ન શાળાઓના ધો. 6 થી 12 ના વિદ્યાર્થીઓ ઓનલાઈન MCQ સ્પર્ધામાં http://innovateindia1.mygov.in/ પર તા:14-12-2024 થી તા:14-01-2025 દરમિયાન આયોજિત કાર્યક્રમ માટે પસંદગીની તક મેળવી શકે તે માટે મહત્તમ વિદ્યાર્થીઓ ભાગ લે તે માટે પ્રયત્નો કરવા.

જે અન્વયે અત્રેના જિલ્લાનીઆમ બોર્ડની તમામ પ્રાથમિક (ધ. 6 થી 8), માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ અને વાલીઓનું "પરીક્ષા પે ચર્ચા" -2025 કાર્યક્રમ માટે પ્રોત્સાહિત કરવા અને મહત્તમ સંખ્યામાં રજિસ્ટ્રેશન કરવામાં આવે તેમજ શિક્ષકોનું 100% રજિસ્ટ્રેશન થાય તે અંગે આપના દ્વારા સંકલન કરીને ટીમવર્કથી કામગીરી કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત. જિ.-સુરત

ક્રમાંક:-મઉમશબ/સંશોધન/2024/3954-89
ગુજરાતમાધ્યમિકઅને
ઉચ્ચતરમાધ્યમિકશિક્ષણબોર્ડ,
સેક્ટર-10 બી, જૂનાસચિવાલયપાસે,
ગાંધીનગરતા.19/12/2024

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાતરાજ્ય.

વિષય:- માન. વડાપ્રધાનશ્રીના "પરીક્ષા પે ચર્ચા-2025" કાર્યક્રમ બાબત
સંદર્ભ : શિક્ષા મંત્રાલય,ભારત સરકારનો તા.14/12/2024 નો પત્ર.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, શિક્ષા મંત્રાલય, ભારત સરકાર દ્વારા માનનીય વડાપ્રધાનશ્રીના અનોખા ઇન્ટરેક્ટિવ કાર્યક્રમ, "પરીક્ષા પે ચર્ચા"ની 8મી આવૃત્તિ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ માટે જાન્યુઆરી-2025માં ટાઉન-હોલ, તાલકટોરા સ્ટેડિયમ, ન્યુ દિલ્હી ખાતે યોજાનાર છે.ઉક્ત કાર્યક્રમમાં ધોરણ-6 થી 12માં અભ્યાસ કરતા બાળકો, શિક્ષકો અને માતા-પિતા માટે તા.14/12/2024 થી તા.14/01/2025 દરમ્યાન **https://innovateindia1.mygov.in/** પર ઓનલાઈન Multiple Choice Question(MCQ) સ્પર્ધા આયોજિત કરેલ છે. સ્પર્ધામાં સહભાગીઓ તેમના પ્રશ્ન પૂછી શકે છે. જે ઇન્ટરેક્ટિવ કાર્યક્રમમાં સમાવેશ થઇ શકે છે. તમામ સહભાગીઓને નિયામક, NCERT દ્વારા સહી કરેલ પ્રમાણપત્ર આપવામાં આવશે તેમ જણાવેલ છે.

આ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોને તેમના પ્રશ્નો માનનીય વડાપ્રધાનશ્રીને સંબોધવા માટે આમંત્રિત કરેલ છે.NCERT દ્વારા શોર્ટલીસ્ટ કરેલ પસંદગીના પ્રશ્નો કાર્યક્રમમાં સામેલ થઇ શકે છે. જે સહભાગીઓએ "પરીક્ષા પે ચર્ચા"ની અગાઉની આવૃત્તિમાં પ્રશ્નો પૂછ્યા હતા, તેઓને મીડિયા ચેનલો દ્વારા તેમના કાર્યક્રમોમાં હાજર રહેવા આમંત્રણ આપવામાં આવેલ છે. તે મુજબ આ વર્ષે પસંદ કરાયેલ કેટલાક લોકોને મીડિયા સાથે વાર્તાલાપ કરવાની તક મળી શકે તેમ જણાવેલ છે.

આ કાર્યક્રમના સંદર્ભમાં નીચે પ્રમાણે આયોજન કરવા જણાવવામાં આવે છે.

a) આપની કક્ષાએથી તમામ શાળાઓને તથા શાળાઓ દ્વારા તમામ વાલીઓ અને વિદ્યાર્થીઓને આ અંગે જરૂરી જાણકારી આપવી.
b) આ કાર્યક્રમના પ્રસાર માટે શાળાઓએ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ્સ અને #PPC2025 ટેગનો ઉપયોગ કરવો. આ ઉપરાંત વિદ્યાર્થીઓ તથા શાળા પોતાના પોસ્ટર/ ક્રિએટીવ વિડિયો વગેરે બનાવી શકે છે અને તે મુજબ પોસ્ટ કરી શકે છે. આમાંથી પસંદ કરેલા ક્રિએટિવ વિડિયોઝને MyGov પ્લેટફોર્મ પર પણ પ્રદર્શિત કરવામાં આવશે.
c) આપના જિલ્લાની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથે તેમજ અન્ય તમામ બોર્ડ સાથે સંલગ્ન શાળાઓના ધોરણ-6 થી 12ના વિદ્યાર્થીઓ ઓનલાઇન MCQ સ્પર્ધામાં **https://innovateindia1.mygov.in/** પર તા.14/12/2024 થી 14/01/2025 દરમિયાન આયોજિત કાર્યક્રમ માટે પસંદગીની તક મેળવી શકે તે માટે મહત્તમ વિદ્યાર્થીઓ ભાગ લઇ શકે તે માટે શાળાઓ દ્વારા જરૂરી કાર્યવાહી કરવી.

ઉક્ત વિગતે આપના જિલ્લાની તમામ બોર્ડની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓને આ કાર્યક્રમમાં મહત્તમ સંખ્યામાં ભાગ લેવા પ્રોત્સાહિત કરવા તેમજ બહોળા પ્રમાણમાં પ્રચાર પ્રસાર કરવા માટે આપની કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

બિડાણ: સંદર્ભદર્શિત પત્ર

સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ સવિનય રવાના:-

- માન.અધ્યક્ષશ્રી,ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.
- માન.સંયુક્ત નિયામકશ્રી,ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
સચિવાલય,ગાંધીનગર.
20 DEC 2024
આવક નં. 6...206993
સંકલન

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2024/3993-95
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.19/12/2024

પ્રતિ,
નિયામકશ્રી,
પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર,
ગાંધીનગર.

વિષય:- માન. વડાપ્રધાનશ્રીના "પરીક્ષા પે ચર્ચા-2025" કાર્યક્રમ બાબત.
સંદર્ભ :- શિક્ષા મંત્રાલય, ભારત સરકારનો તા.14/12/2024નો ઇ-મેઇલ.

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, શિક્ષા મંત્રાલય, ભારત સરકાર દ્વારા માનનીય વડાપ્રધાનશ્રીના "પરીક્ષા પે ચર્ચા-2025" કાર્યક્રમની 8મી આવૃત્તિ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ માટે જાન્યુઆરી-2025માં ટાઉન-હોલ ફોર્મેટ, ટાલકટોરા સ્ટેડિયમ, ન્યુ દિલ્હી ખાતે યોજાનાર છે. ઉક્ત કાર્યક્રમમાં ધોરણ-6 થી 12માં અભ્યાસ કરતા બાળકો, શિક્ષકો અને માતા-પિતા માટે તા.14/12/2024 થી 14/01/2025 દરમ્યાન **https://innovateindia1.mygov.in/** પર ઓનલાઈન Multiple Choice Question(MCQ) સ્પર્ધા આયોજિત કરેલ છે. સ્પર્ધામાં સહભાગીઓ તેમના પ્રશ્ન પૂછી શકે છે. જે ઇન્ટરેક્ટિવ કાર્યક્રમમાં સમાવેશ થઇ શકે છે.

માનનીય વડાપ્રધાનશ્રીના "પરીક્ષા પે ચર્ચા-2025" કાર્યક્રમ અંગે રાજ્યકક્ષાની કાર્યવાહી ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ દ્વારા કરવાની થાય છે. ઉક્ત કાર્યક્રમમાં ધોરણ-6 થી 12 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ સામેલ કરવાના હોઇ "પરીક્ષા પે ચર્ચા-2025" કાર્યક્રમમાં ધોરણ-6 થી 8માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ મહત્તમ સંખ્યામાં સામેલ થાય તે માટે આપની કચેરી દ્વારા તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ અને શાસનાધિકારીશ્રીઓને આ અંગે જરૂરી કાર્યવાહી કરવા માટે સૂચના આપવામાં આવે તે માટે વિનંતી છે. આ ઉપરાંત,સદર કામગીરી માટે આપની કચેરીના એક અધિકારીશ્રીની નોડલ અધિકારી તરીકે નિમણૂક કરવા અને અત્રેની કચેરીના સંકલનમાં રહીને કામગીરી કરવા આપની કક્ષાએથી જરૂરી આદેશ કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

6708

સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

બિડાણ: સંદર્ભ દર્શિત પત્ર

નકલ સવિનય રવાના:-
- માન.અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- માન.સંયુક્ત નિયામકશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૪/૫૪૯૫-૫૫૨
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧ ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૨૦/૧૨/૨૦૨૪

પ્રતિ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- માન. વડાપ્રધાનશ્રીના "પરીક્ષા પે ચર્ચા-૨૦૨૫" કાર્યક્રમ બાબત.
સંદર્ભઃ- (૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, પત્ર ક્રમાંકઃમઉમશબ/સંશોધન/૨૦૨૪/૩૯૯૩-૯૫, તા.૧૯/૧૨/૨૦૨૪
(૨) શિક્ષા મંત્રાલય, ભારત સરકારનો પત્ર ક્રમાંકઃD.O.No.2-5/2024-PPC તા.૧૪/૧૨/૨૦૨૪નો પત્ર.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શિક્ષા મંત્રાલય, ભારત સરકાર દ્વારા માનનીય વડાપ્રધાનશ્રીના "પરીક્ષા પે ચર્ચા-૨૦૨૫" કાર્યક્રમની ૮મી આવૃત્તિ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ માટે જાન્યુઆરી-૨૦૨૫માં ટાઉન-હોલ ફોર્મેટ, ટાલકટોરા સ્ટેડિયમ, ન્યુ દિલ્હી ખાતે યોજાનાર છે. ઉક્ત કાર્યક્રમમાં ધોરણ-૬ થી ૮માં અભ્યાસ કરતા બાળકો, શિક્ષકો અને માતા-પિતા માટે **<u>તા.૧૪/૧૨/૨૦૨૪ થી તા.૧૪/૦૧/૨૦૨૪ દરમ્યાન</u>** https://innovateindia1.mygov.in/ **<u>ઉપર</u>** ઓનલાઈન Multiple Choice Question(MCQ) સ્પર્ધા આયોજિત કરેલ છે. સ્પર્ધામાં સહભાગીઓ તેમના પ્રશ્ન પૂછી શકે છે. જે ઇન્ટરેક્ટિવ કાર્યક્રમમાં સમાવેશ થઇ શકે છે.

ઉકત માનનીય વડાપ્રધાનશ્રીના "પરીક્ષા પે ચર્ચા-૨૦૨૫" કાર્યક્રમ અંગે રાજ્યકક્ષાની કાર્યવાહી ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ દ્વારા કરવાની થાય છે. ઉક્ત કાર્યક્રમમાં ધોરણ-૬ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ સામેલ કરવાના હોઇ "પરીક્ષા પે ચર્ચા-૨૦૨૫" કાર્યક્રમમાં ધોરણ-૬ થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ મહત્તમ સંખ્યામાં સામેલ થાય તે માટે આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓને આ અંગે જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા. ગાંધીનગર

**<u>નકલ સવિનય રવાના જાણ સારૂ.</u>**
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેકટર-10 બી, જૂના સચિવાલય પાસે, ગાંધીનગર

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2024/4099-4186
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.23/12/2024

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
શાસનાધિકારીશ્રી, (તમામ)

વિષય:- માન. વડાપ્રધાનશ્રીના "પરીક્ષા પે ચર્ચા-2025" કાર્યક્રમ બાબત

સંદર્ભ : (1)અત્રેની કચેરીનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/2024/3954-89, તા.19/12/2024
(2)માન.અધ્યક્ષશ્રી ,ગુ. મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડના અધ્યક્ષ સ્થાને યોજાયેલ વિડીયો કોન્ફરન્સ, તા.23/12/2024
(3)શિક્ષા મંત્રાલય, ભારત સરકાર દ્વારા થયેલ વિડીયો કોન્ફરન્સ,તા.23/12/2024

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શિક્ષા મંત્રાલય, ભારત સરકાર દ્વારા માનનીય વડાપ્રધાનશ્રીના કાર્યક્રમ, "પરીક્ષા પે ચર્ચા"ની 8મી આવૃત્તિ જાન્યુઆરી- 2025માં ટાઉન-હોલ ફોર્મેટ, તાલકટોરા સ્ટેડિયમ, ન્યુ દિલ્હી ખાતે યોજાનાર છે. ઉક્ત કાર્યક્રમમાં ધોરણ-6 થી 12માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને માતા-પિતા તા.14/12/2024 થી 14/01/2025 દરમ્યાન **https://innovateindia1.mygov.in/** પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરીને Multiple Choice Question(MCQ) સ્પર્ધામાં ભાગ લઇ શકશે તેમજ સ્પર્ધામાં સહભાગીઓ પરીક્ષાને લગતા પ્રશ્નો પૂછી શકે છે.

"પરીક્ષા પે ચર્ચા-2025" કાર્યક્રમ અંગે આજની વીડીયો કોન્ફરન્સમાં આપને જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવેલ છે. જે અન્વયે આપના જિલ્લાની તમામ બોર્ડની તમામ પ્રાથમિક (ધો- 6 થી 8),માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ અને વાલીઓનું "પરીક્ષા પે ચર્ચા"-2025 કાર્યક્રમમાં મહત્તમ સંખ્યામાં રજીસ્ટ્રેશન કરવામાં આવે તેમજ શિક્ષકોનું 100% રજીસ્ટ્રેશન થાય તે અંગે આપના દ્વારા સંકલન કરીને ટીમવર્કથી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| સચિવ<br>ગુજરાત માધ્યમિક અને<br>ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,<br>ગાંધીનગર | નિયામક<br>પ્રાથમિક શિક્ષણ,<br>ગાંધીનગર | નિયામક 23/12/2024<br>શાળાઓની કચેરી,<br>ગાંધીનગર |

નકલ સવિનય રવાના:-

- માન.અગ્રસચિવશ્રી, પ્રા.શિ.અને મા.શિ.ના અંગત સચિવશ્રી,વિદ્યા સમીક્ષા કેન્દ્ર,સેક્ટર-19,ગાંધીનગર.